ફરિયાદ દાખલ તારીખ :– ૦૭/૦૧/૨૦૧૭.
ફરિયાદ ફેસલ તારીખ :– ૦૧/૦૧/૨૦૧૮.

# જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,મુ.આણંદ.

ગ્રાહક ફરિયાદ નંબર: ૧૧/૨૦૧૭.

ફરીયાદી :– કિરીટભાઈ ડાહયાભાઈ ઝાલા,
રહે. ૧,ગંગોત્રી પાર્ક, ગ્રીડ પાછળ, ,
વિરલ સોસાયટી,
મુ.તા.જિ.આણંદ.

વિ રૂ ધ્ધ

સામાવાળા:– (૧) શ્રી, તુષાર એસ.વ્યાસ(ચેરમેનશ્રી),
એલીકોન ગીયર ડીવી. સ્ટાફ એમ્પ્લોઈઝ
કો.ઓપ.ક્રેડીટ સોસાયટી લી.,
ઠે. સી/ઓ. એલીકોન એન્જીનીયરીગ કું. લી.,
પો.બોક્ષ નં.૬, મુ.વલ્લભ વિદ્યાનગર,
તા.જિ.આણંદ.

(૨) ચેરમેન અને મેનેજીગ ડાયરેકટરશ્રી,
એલીકોન એન્જીનીયરીગ કું. લીમીટેડ,
આણંદ–સોજીત્રા રોડ,
મુ.વલ્લભ વિદ્યાનગર,તા.જિ.આણંદ.

કોરમ:– (૧) શ્રી આઈ.આર.દવે, પ્રમુખશ્રી.
(૨) શ્રી કે.એન.પરમાર, સભ્યશ્રી.

મૌખિક હુકમ :– શ્રી આઈ.આર.દવે. પ્રમુખશ્રી.

---

ફરિયાદી તરફે :– પ્રતિક સમાજ સેવા ટ્રસ્ટ.
સામાવાળા નં.(૧) તરફે વિધ્વાન એડવોકેટ :– શ્રી જે.એમ.ગજજર.
સામાવાળા નં.(૨)તરફે :–

---

ગ્રાહક સુરક્ષા અધિનિયમ,૧૯૮૬ ની જોગવાઈઓ હેઠળ

–: હુકમ :–

૧.    પ્રસ્તુત ફરિયાદ આ કામના ફરિયાદીએ સામાવાળાઓ વિરુધ્ધ ગ્રાહક સુરક્ષા અધિનિયમ–૧૯૮૬ ની કલમ –૧૨ ના પ્રબંધો હેઠળ દાખલ કરાવેલ છે.

પ્રસ્તુત ફરિયાદની સંક્ષિપ્તમાં હકીકત એવી છે કે ફરિયાદી આ ફોરમની હકુમતમાં રહે છે. સામાવાળા નં.૧ એલીકોન ગીયર ડીવી. સ્ટાફ એમ્પ્લોઈઝ કો.ઓપ.ક્રેડીટ સોસાયટી લી. ગ્રાહકો પાસેથી થાપણો લે છે અને આ રકમ ની લેવડ દેવડ કરવાનો ધંધો કરે છે. સામાવાળા નં.૨ ફરિયાદીના માસિક પગારમાંથી બચતની રકમ કાપીને આ સોસાટીમાં જમા કરાવે છે. ફરિયાદીએ સામાવાળા ઉપર વિશ્વાસ અને ભરોસો રાખી સદર મંડળીમાં પૈસાનું રોકાણ કરેલ છે. ફરિયાદીનો પી.સી.નં. બી.૦૦૫ છે. ફરિયાદીએ સદર મંડળીમાં તેમના બચત ખાતામાં રૂા.૩૫,૧૦૦/– ની રકમનું રોકાણ કરેલ છે.

સામાવાળાએ પાકતી તારીખે મળવાપાત્ર રકમ વ્યાજ સહિતની આજદિન સુધી માંગણી કરવા છતાં ફરિયાદીને ચુકવી આપેલ નથી. ફરિયાદીએ નોકરીમાંથી તા.૨૩/૮/૧૩ ના રોજ રાજીનામું આપ્યું તે વખતે પણ આ રકમ સદર મંડળીએ તેમને ચુકવી આપેલ નથી. સામાવાળાને વારંવાર આ રકમ ચુકવી આપવા જણાવતાં તેઓ જુદા જુદા બહાનાઓ કાઢે છે અને ફરિયાદી/ગ્રાહકને આપવાની થતી સેવામાં તેઓએ ક્ષતિ દર્શાવેલ છે. આથી ફરિયાદીએ સામાવાળાઓ પાસેથી સદર મંડળીમાં જમા કરાવેલ રકમ રૂા.૩૫,૧૦૦/– વ્યાજ સહિત પરત મેળવવા તથા તેમને થયેલ ત્રાસ બદલ રૂા.૧૦,૦૦૦/– વળતરની રકમ મેળવવા તથા આ ફરિયાદના ખર્ચ માટે રૂા.૫,૦૦૦/– ની રકમ વસુલ લેવા માટે દાદ માંગેલ છે.

૨.    આ કામની નોટીસો બજી આવ્યા બાદ સામાવાળા ન.૧ વિધ્વાન વકીલશ્રી જે.એમ.ગજ્જર મારફતે ઉપસ્થિત રહેલ છે. સામાવાળા નં.૨ ને આ નોટીસની બજવણી થયેલ હોવા છતાં તેઓ ઉપસ્થિત રહેલ નથી.

૩. આ ફરિયાદના કામે સામાવાળા નં.૧ એ હાજર થયા બાદ સદર ફરિયાદને કાયદા મુજબની સમય મર્યાદાનો બાધ નડતો હોય તે ફરિયાદ રદ કરવા તેમણે તા.૧૫/૧૧/૧૭ ના રોજ પ્રાથમિક વાંધો લેતી અરજી આપેલ છે. આ અરજીની સુનાવણીમાં ફરિયાદ પક્ષ અને સામાવાળા નં.૧ ને વિગતવાર સાંભળવામાં આવેલ છે. સામાવાળા નં.૧ ની રજુઆત મુજબ ફરિયાદીએ લેખિતમાં આપેલ હકીકતો નિર્વિવાદીત રીતે કબુલીએ તો પણ ફરિયાદીની રકમ આ ફરિયાદ કરવામાં આવી તેના બે વર્ષ ઉપરાંતના સમયથી ચુકવણી માટે પાકી ગયેલ હતી. ખુદ ફરિયાદીના જણાવ્યા મુજબ આ ફરિયાદ કર્યા તેના બે વર્ષથી પણ વધુ સમયથી આ રકમની માંગણી કરવા છતાં તેમને આ રકમ ચુકવવામાં આવેલ નથી. ગ્રાહક સુરક્ષા ધારા–૧૯૮૬ ની કલમ–૨૪(એ) ના પ્રબંધ મુજબ આ કાયદા હેઠળની ફરિયાદ ફરિયાદ કરવાનું કારણ ઉપસ્થિત થતાં બે વર્ષની અંદર કરવાની હોય, પરંતુ આ ફરિયાદ બે વર્ષથી પણ ઘણો વધુ સમય વિત્યા બાદ ઘણાં જ વિલંબથી કરવામાં આવેલ છે અને આ વિલંબ માટે કોઈ કારણો પણ આપવામાં આવેલ નથી અને તેથી કરીને આ ફરિયાદ કાયદાના સદર પ્રબંધ મુજબ રદ થવા પાત્ર બને છે.

૩. ફરિયાદ પક્ષે નામદાર ગુજરાત રાજય ગ્રાહક તકરાર નિવારણ કમિશને અપીલ નં.૫૨/૧૪ અને અપીલ નં.૫૩/૧૪ ના કામે આપવામાં આવેલ ચુકાદાઓ રજુ કરી એવી રજુઆત કરેલ છે કે સહકારી મંડળીમાં આ રીતે મૂકવામાં આવેલ થાપણની રકમ જો ચૂકવવામાં આવે નહી તો તે અંગેની ફરિયાદ કરવાનું કારણ આ ચુકાદા મુજબ સતત ચાલુ રહેતુ હોય છે અને તેથી આ ફરિયાદને કાયદા મુજબના સમય મર્યાદાનો બાધ નડતો નથી.

૪. હવે સૌપ્રથમ ગ્રાહક સુરક્ષા અધિનિયમ–૧૯૮૬ ની કલમ–૨૫(અ) નીચે મુજબ જણાવે છે.

" 24A. Limitation Period-

(1) The District Forum, the State Commission or the National Commission shall not admit a complaint unless it is failed within two years from the date on which the cause of action has arisen.

(2) Notwithstanding anything contained in sub-section (1), a complaint may be section(1), if the complainant satisfies the District Forum, the State Commission or the National Commission, as the case may be, that he had sufficient cause for not filling the complaint within such period:

Provided that no such complaint shall be entertained unless the National Commission, the State Commission or the District Forum, as the case may be, records its reason for condoning such delay."

ઉપરોકત પ્રબંધો ધ્યાનપૂર્વક વાંચતા એ બાબત સ્પષ્ટ જણાઈ આવે છે કે આ કાયદા હેઠળ કરવાની થતી ફરિયાદનું કારણ ઉપસ્થિત થતાં તે બાબતની ફરિયાદ બે વર્ષની અંદર દાખલ કરવાની બને છે. જો બે વર્ષ ઉપરાંતના સમય બાદ વિલંબથી ફરિયાદ કરવામાં આવેલ હોય તો તે માટેનું પુરતું કારણ ફરિયાદી બતાવી શકે તો ફોરમને વિલંબ બાદ પણ આ ફરિયાદ દાખલ કરવાની સત્તા મળે છે. પ્રસ્તુત કિસ્સામાં ફરિયાદ પક્ષની મુખ્ય રજુઆત એવી છે કે આ કિસ્સામાં ફરિયાદ કરવાનું કારણ સતત ચાલુ રહેતુ હોઈ સમય મર્યાદાનો બાધ ફરિયાદ કરવા માટે નડતો નથી. ફરિયાદ ધ્યાનપૂર્વક વાંચવામાં આવે તો ફરિયાદીએ એવું સ્પષ્ટ લખી જણાવેલ છે કે તેમણે નોકરીમાંથી તા.૨૩/૮/૧૩ ના રોજ રાજીનામું આપ્યું તે વખતે પણ તેમને તેમની થાપણોની રકમ ચુકવવામાં આવેલ નથી. ફરિયાદની હકીકતો મુજબ અગાઉ પણ તેમણે આ થાપણની રકમ પરત ચુકવવા આ સહકારી મંડળીમાં માંગણી કરેલ હતી અને તેમને તે ચુકવવામાં આવેલ ન હતી. રાજીનામા અગાઉ ફરિયાદીએ સહકારી મંડળીમાં આ રકમ પરત ચુકવવાની માંગણી કયારે કરી હતી તે સમય ફરિયાદીએ દર્શાવેલ નથી. અલબત્ત, છેવટે તેમણે તા.૨૩/૮/૧૩ ના રોજ નોકરીમાંથી રાજીનામુ આપ્યું ત્યારે પણ તેમને આ રકમ પરત ચુકવવામાં આવેલ નથી તેવું તેમણે સ્પષ્ટ જણાવેલ છે. આ રાજીનામાની તારીખથી બે વર્ષ ગણતા તા.૨૩/૮/૧૫ સુધી સદર

કાયદાના પ્રબંધ મુજબ તેમણે આ ફરિયાદ કરવી જોઈએ. પરંતુ આ ફરિયાદ તા.૭/૧/૧૭ ના રોજ અત્રે દાખલ કરવામાં આવેલ છે. ફરિયાદીએ ફરિયાદ દાખલ કરવામાં થયેલ વિલંબ માટે કોઈ કારણો આપેલ નથી કે તે મતલબની કોઈ રજુઆત પણ કરેલ નથી. ફરિયાદ પક્ષે તેમની રજુઆતમાં ઉપર જણાવેલ નામદાર ગુજરાત રાજ્ય કમિશનના જે ચુકાદાઓ રજુ કરેલ છે તે ચુકાદાઓ અત્રે લાગુ કરવાના રહેતા નથી. કારણ કે, તે ચુકાદામાં બાંધી મુદતની થાપણ રીન્યુ કરવામાં આવી હતી કે કેમ તેવી બેંક પાસે જાહેર માહિતી અધિકાર હેઠળ માહિતી માંગેલ તે માહિતીનો કોઈ જવાબ બેંકે આપેલ નથી. તે બાબત ધ્યાનમાં લઈને નામદાર ગુજરાત રાજ્ય કમિશને તે કિસ્સામાં ફરિયાદનું કારણ સતત ઉભુ રહેલ હોવાનું માનેલું. પ્રસ્તુત કિસ્સામાં થાપણો રીન્યુ કરાવેલ તે અંગેનું કોઈ કથન ફરિયાદીએ કરેલ નથી. આ સંદર્ભમાં તેમણે સહકારી મંડળીમાંથી કોઈ માહિતી માંગી હોય તેવી પણ કોઈ બાબત નથી. આથી પ્રસ્તતુ ફરિયાદ કાયદાથી નિયત થયેલ સમય મર્યાદા બહાર દાખલ કરવામાં આવેલ હોય અને આ વિલંબ માટેના કોઈ જ કારણો આપવામાં આવેલા ના હોય રદ થવા પાત્ર બનતી હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

(૧) ફરિયાદીની ફરિયાદ નામંજુર કરવામાં આવે છે.

(૨) પક્ષકારોએ ફરિયાદનો ખર્ચ જાતે ભોગવવો.

આ હુકમ આજરોજ તારીખઃ– ૦૧/૦૧/૨૦૧૮ ના રોજ આણંદ ખાતેના ફોરમ સમક્ષ વાંચી સંભળાવી જાહેર કર્યો.

(કે.એન.પરમાર)
સભ્ય
જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ
આણંદ.

(આઈ.આર.દવે)
પ્રમુખ
જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ
આણંદ.